## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... તમારે ત્યાં વેકેશન બેચમાં બાબાને કરાટે શીખવ્યું હતું તે ભુલાવવાનો કોર્સ હોય તો દાખલ કરવાનો છે... !! બારીનાં કાચ અને તેના ડેડીનું નાક બ્રેક કરી દીધા...!!

# સેન્ટ્રલ વિસ્ટા પર સીન સપાટા કરતા બાઈકર્સની હવે ખેર નથી

## બેફામ સ્પીડ બાઈક ચલાવી સહેલાણીઓને ભયમાં મુકતા લબરમુછીયા પકડવા સે-૭ અને સે-૨૧ પોલીસને કડક સુચના

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના હાર્દ સમા ઘ-૪ સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે સાંજ ઢળતા જ સહેલાણીઓ મોટીસંખ્યામાં આવે છે. ત્યારે ધુમ સ્ટાઈલે બાઈક હંકારીને સીનસપાટા કરતા અને સહેલાણીઓને ભયમાં મુકતા લબરમુછીયાઓની હવે ખેર નથી. સે-૨૧ અને ૭ બંન્ને પોલીસના જવાનો ખાનગી વેશમાં આ વિસ્તારમાં ફરજ બજાવશે. જેમાં પોલીસ દ્વારા ભયજનક હોર્ન વગાડતા, બુલેટમાં ફટાકડા ફોડતા , અવનવા સ્ટંન્ટ કરતા, તેમજ ફુલ સ્પીડે બાઈક ચલાવીને સ્ટેન્ડ ઘસડાવીને તણખલા ઉત્પન્ન કરતા નબીરાઓને ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

ઉનાળાની કાળઝાળ ગરમીમાં રાહત મેળવવા માટે સાંજ ઢળતા જ નગરજનો કુદરતી વાતાવરણનો આનંદ માણવા માટે ઘ-૪ પાસેના સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનમાં પોતાના પરિવાર સાથે આવે છે. પરંતુ લબરમુછીયા યુવાનોએ જાણે આ વિસ્તાર પોતાના કબ્જામાં કર્યો હોય તેવું લાગી રહ્યું છે. આ માર્ગ પર યુવાનો અવનવા સ્ટંન્ટ કરવા, ધુમ સ્ટાઈલે બાઈક હંકારવું, છોકરા ડરી જાય તેવા હોર્ન મારવા અને બુલેટમાં ખાસ કરીને સમયાંતરે ફટાકડા ફુટે તેવા અવાજ કરવા સહિત ચાલુ બાઈકે લોખંડની વસ્તુ ઘસડાવતા તણખલા કરે છે. આ વિસ્તારમાં લબરમુછીયાઓના આંતકને પગલે પોલીસને ફરિયાદો મળતા ગાંધીનગર જિલ્લા એસપીએ સેકટર-૨૧ અને ૭ પોલીસને કડક સુચના આપીને બાઈક પર અવનવા કરતબ કરતા યુવાનોને ઝડપી પાડીને કાયદેસરની કામગીરી કરવા સુચના આપી છે. જેને પગલે પોલીસ હવે ખાનગી વેશમાં સેન્ટ્રલ વિસ્ટા પાસે ફરજ બજાવશે અને ધુમ સ્ટાઈલે બાઈકો દોડાવતા અને નાગરીકોને ભયમાં મુકતા લબરમુંછીયાઓને ઝડપી પાડીને તેમની વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.



અમદાવાદમાં વસતા સરઢવવાસીઓ દ્વારા સતત છઠ્ઠા વર્ષે અમદાવાદ સરઢવના વારાહીધામ સુધીની પદયાત્રા અને દર્શનનો કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો. જેમાં ૧૫૦થી વધુ પદયાત્રીઓ જોડાયા હતા.

## ગુજરાત સ્થાપના દિનની પરેડમાં ગાંધીનગરના એનએસએસના સ્વયંસેવકો સામેલ

ગાંધીનગર, તા. ૫

ગુજરાત રાજ્યના ૫૭માં સ્થાપના દિવસની ઉજવણી અંતર્ગત રાજ્ય કક્ષાની પરેડ વલ્લભ સદન રિવરફ્રન્ટ, અમદાવાદ ખાતે યોજાઈ હતી. આ પરેડમાં ચેતક કમાન્ડો, વિવિધ જિલ્લાઓમાંથી એસઆરપી પ્લાટુન, પોલીસ પ્લાટુન, પોલીસ પુરૂષ ટ્રાફિક પ્લાટુન, વન વિભાગ મહિલા પ્લાટુન, હોમગાર્ડ પ્લાટુન, રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) પ્લાટુન, સ્ટુડન્ટ પોલીસ કેડેટ, અશ્વદળ પ્લાટુન, બીએસએફ બેન્ડ, ઓલ ઈન્ડિયા બેન્ડ વગેરે પ્લાટુનોએ ઉત્સાહપૂર્વક સાથે ભાગ લીધો હતો.

કડી સર્વ વિશ્વવિદ્યાલયના રાષ્ટ્રીય સેવા યોજના એકમના ચાર સ્વયંસેવકો રાજ્યકક્ષાની પરેડમાં ભાગ લીધો. જેમાં કે.બી. ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ'ના રોનક અરવિંદકુમાર કડીયા, જે ફાર્મ.ડી.ના પાંચમા વર્ષમાં અભ્યાસ કરે છે તથા એમ.પી. પટેલ કોલેજ ઓફ કોમર્સના અક્ષય પટેલ, જે બીકોમના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે. અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજની અંજલિ પટેલ, જે એમકોમના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે અને અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ



કોલેજના વિકાસ રાજગોર, જે બીકોમના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે. આ ચારેય સ્વયંસેવકોને માર્ગદર્શન એન.એન.એસ.ના પ્રોગ્રામ કોઓર્ડીનેટર ડૉ. રણછોડ રથવીએ આપ્યુ હતુ. યુનિવર્સિટીના ચેરમેન વલ્લભભાઈ પટેલ તથા ભાગ લેનાર વિદ્યાર્થીઓને તેમની કોલેજોના આચાર્યો અને એન.એન.એસ.ના પ્રોગ્રામ ઓફિસર્સ ચારે સ્વયંસેવકોને તેમની કોલેજનું અને કડી સર્વ વિશ્વવિદ્યાલય યુનિવર્સિટી ગૌરવ વધારવા બદલ અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.

# દહેગામના ચામલા ગામમાં એલસીબીએ દરોડો પાડી દારૂ-બિયરનો જથ્થો પકડયો

## ઘરમાં સંતાડેલી ૧૨૦ બીયર અને ૧૨ દારૂની બોટલ સાથે એકની ધરપકડ : એક ફરાર

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં બહિયલ નજીક આવેલા ચામલા ગામમાં એક મકાનમાં દારૂ-બિયરનો વેપલો ચાલતો હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે દરોડો પાડી દારૂ-બિયરનો રૂ. ૧૬,૮૦૦ની કિંમતનો જથ્થો પકડી પાડયો છે. એલસીબીએ એક શખ્સને પકડી પાડયો છે ત્યારે બીજો બુટલેગર નાસી છુટવામાં સફળ રહ્યો હતો. દહેગામ પોલિસ સ્ટેશનમાં એલસીબીએ ફરિયાદ નોંધાવી છે. સ્થાનિક પોલિસની સંડોવણી અંગે પણ તપાસ શરુ કરવામાં આવી છે.

એલસીબી પીએસઆઈ કૃણાલ પટેલ તથા તેમની ટીમને બાતમી મળી હતી કે દહેગામ તાલુકાના બહિયલ નજીક આવેલા ચામલા ગામમાં રહેતો ફુલા નના સોલંકી તેના ઘરે દારૂનો વેપલો કહે



છે તેને આધારે દરોડો પાડી મકાનમાંથી રૂ.૪૮૦૦ની કિંમતની ૧૨ નંગ વિદેશી દારૂની બોટલો તથા રૂ. ૧૨ હજારની કિંમતની ૧૨૦ નંગ બિયરના ટીન મળીને કુલ ૨. ૧૬૮૦૦નો દારૂ-બિયરના જથ્થા સાથે ફુલા સોલંકીના સાગરીત નિલેશ અમૃત સોલંકીને એલસીબીએ પકડી પાડયો છે. જયારે બુટલેગર ફુલા નના સોલંકી નાસી છુટયો હતો. દારૂ-બિયર કયાંથી લાવ્યા હતા અને કયારથી વેપલો કરે છે તે સહિતની વિગતો બહાર લાવવા તથા ફરાર બુટલેગરને પકડી પાડવા તજવીજ શરુ કરવામાં આવી છે.

## રવિવારે પ્રા. તખ્તસિંહજીની વ્યાખ્યાનમાળા અંતર્ગત નીતિનભાઈ શુકલનું વક્તવ્ય

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા આગામી તા. ૭મી મે રવિવારે સાંજે ૬.૩૦ કલાકે પ્રા. તખ્તસિંહજી પરમાર (ગુરૂજી) વ્યાખ્યાનમાળા અંતર્ગત નીતિનભાઈ શુકલના વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સેક્ટર-૧૭માં હનુમાન મંદિર પાસે બ્લોક નં. ૧૪૬/૪, ચ-ટાઈપ ખાતે આવેલા સંસ્થાના કાર્યાલય ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં 'કોર્પોરેટ સેકટરમાં મ્હારાં અનુભવો' વિષયે યોજાનાર વક્તવ્યમાં નીતિનભાઈ શુકલ જેઓ સાબરમતી ગાંધી આશ્રમ તથા ગુજરાત વિશ્વ કોશના ટ્રસ્ટી છે તથા તેઓ હજીરા ખાતેની એલએનજી એન્ડ પોર્ટ કંપનીના નિવૃત્ત સીઈઓ તથા એમડી હોવા સાથે રોયલ ડચ સેલ કેપનીના નિવૃત્ત અધિકારી પણ છે.

## ૭મી મેના રોજ ગાંધીનગરમાં પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર ખાતે સાડા ત્રણ વર્ષથી નિયમીત રીતે દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. જેનો સુજ્ઞ વાચકો ભરપુર લાભ લે છે. ચાલુ માસની તા. ૭મી મેના રોજ સવારના ૭.૩૦થી ૯.૩૦ સુધી ઘ-૪ સર્કલ ખાતે ઉદ્યોગ ભવન નજીક પુસ્તક પરબ યોજાશે.

માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી યોજાતી આ પુસ્તક પરબનો હેતુ માતૃભાષા ગુજરાતીના ગૌરવનો અને સારા પુસ્તકોના વાંચનનો પ્રસાર કરવાનો છે. સાથો સાથ પુસ્તકના આદાન પ્રદાનની પ્રવૃતિ વિકસે તથા લોકોમાં વાંચનની ટેવ કેળવાય તેવો તેનો શુભ આશય છે. ગુજરાતમાં ૮૦ જેટલા સ્થળોએ આવી પુસ્તક પરબ યોજાય છે. પુસ્તક પરબનો લાભ લેવા માટે સર્વશ્રી કિશોર જીકાદરા, આશા સરવૈયા, પ્રજ્ઞા પટેલ, મુળજીભાઈ પરમાર, અશોકભાઈ ત્રિવેદી, સંજય થોરાત, રણછોડભાઈ પરમાર, ધુર્જટી પ્રજાપતિ, રમેશચંદ્ર શ્રીમાળી તથા દિશાંત ગર્ગ વગેરે સહયોગીઓએ પુસ્તક ભાવકોને અનુરોધ કર્યો છે.

## રવિવારે સે. ૨૧માં નિઃશુલ્ક પાણીના કુંડાનું વિતરણ

ગાંધીનગરના શ્રીમરામ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આગામી તા. ૭મી મે રવિવારના રોજ સેક્ટર-૨૧ના ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર ખાતે વિનામૂલ્યે પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવનાર છે. પક્ષી બચાઓ અભિયાન અંતર્ગત સંસ્થા દ્વારા શહેરમાં આશરે પાંચ હજાર પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવશે. આ કુંડા વિતરણ કાર્યક્રમ સવારે ૯ થી રાતના ૯ વાગ્યા સુધી યોજાશે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં પીવાના પાણી વગર તરશે તરફડીને મૃત્યુ પામતા અબોલ પંખીઓને બચાવવાના સદકાર્ય હેતુસર શ્રીરામ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા દર વર્ષે પક્ષી બચાવો અભિયાન હાથ ધરવામાં આવે છે અને નગરજનોને વિનામૂલ્યે પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવે છે.

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर
सत्यमेव जयते
ગુજરાત સરકાર
મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન

સ્વચ્છ ભારત મિશન અર્બન - ગુજરાત
સ્વચ્છતા ક્ષેત્રે ગુજરાત અગ્રેસર



શ્રી નરેન્દ્રભાઈ મોદી, પ્રધાનમંત્રી, ભારત



શ્રી વિજય રૂપાણી, મુખ્યમંત્રી, ગુજરાત

સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૭માં ગુજરાતના શહેરો મોખરે

સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૭ સ્પર્ધામાં ભારતના ૪૩૪ શહેરોમાંથી ગુજરાતની ૮ મહાનગરપાલિકા અને ૨૩ નગરપાલિકા મળી કુલ ૩૧ 'અમૃત' શહેરોનો સમાવેશ

| મહાનગરપાલિકા/ નગરપાલિકા | રાષ્ટ્રીય સ્વચ્છતા સર્વેક્ષણ ક્રમાંક |
|---|---|
| સુરત | ૪ |
| વડોદરા | ૧૦ |
| અમદાવાદ | ૧૪ |
| રાજકોટ | ૧૮ |
| ગાંધીનગર | ૨૦ |
| નવસારી | ૨૫ |
| વાપી | ૨૬ |
| ભાવનગર | ૩૩ |
| કલોલ | ૩૪ |
| જામનગર | ૩૫ |
| જેતપુર નવાગઢ | ૩૯ |
| ગોધરા | ૪૯ |

દેશના પ્રથમ ૫૦ સ્વચ્છ શહેરોમાં ગુજરાતના ૧૨ શહેરો



સ્વચ્છ ભારતના નિર્માણ માટે કટિબદ્ધ
સ્વચ્છ ગુજરાત
સ્વચ્છ ભારત મિશન, ગુજરાત

"ગુજરાતમાં સ્વચ્છતાગ્રહની આહલેક જાગી છે"
શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત